PAVAN EXPRESS WEEKLY
R.N.I. NO. : GUJGUJ/2021/82864
પવનવેગે પ્રસરતા સમાચાર
પાલનપુરથી દર મંગળવારે પ્રસિધ્ધ થતું સાપ્તાહિક

# પવન એક્સપ્રેસ

Owner, Publisher, Printer, and Editor : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI - Mo.9998579515
Email : pavanexpress2021@gmail.com
સાપ્તાહિક

વર્ષ : ૦૫ ♦ અંક : ૨૫ ♦ તા.૦૯-૦૯-૨૦૨૫ ♦ મંગળવાર ♦ કિંમત રૂા. ૨ ♦ પાના : ૪ ♦ વાર્ષિક લવાજમ કિ.રૂ. ૨૦૦

VOLUME : 05 ♦ ISSUE : 25 ♦ DATE: 09-09-2025 TUESDAY ♦ PRICE RS.2/- ♦ PAGE:4 ♦ ANNUAL SUBSCRIPTION : 200/- ♦ PUBLISHED ON EVERY TUESDAY FROM PALANPUR

### મા અંબા ના ધામમાં પહોંચતા જ માઈ ભક્તો હર્ષ ઘેલા થયા...

## આરાસુરના પહાડો માં બિરાજતા માં અંબા ના દર્શન કરી ભાદરવી પૂનમે માઈ ભક્તો ધન્ય બન્યા








પાલનપુર

મમ્મી મારે જાવું છે ભાદરવી ના મેળે ભાદરવીના મેળે મારી અંબાજીના મેળે... ના માના ગુણલા ગાતા ગાતા માઈ ભક્તો દૂર દૂરથી પગપાળા અને જુદા જુદા વાહનો દ્વારા ભાદરવી પૂનમ ના મહા મેળામાં માં અંબાના દર્શન કરવા જાણે કે ભારે ઘોડાપૂર ઉમટી હોય તેવા દ્રશ્યો સર્જાતા સમગ્ર અંબાજી યાત્રાધામ અને તેને જોડતા તમામ દિશાઓના માર્ગો ઉપર જય જય અંબે જય જય અંબે ના નાદ સાથે ત્રિશૂળ ઉપર ચડાવી લાલ લાંબી ચટક ધજાઓ લઈ શણગારેલા માના રથડા અને માથે ગરબો તો ક્યાંક દંડવત પ્રણામ કરતા કરતા માના ભક્તો અંબાજી પહોંચી જવાની અંતિમ ક્ષણોમાં છે. ૫૧ શક્તિપીઠ પૈકીનું મહા વિશ્વવિખ્યાત યાત્રાધામ અંબાજી માં ભાદરવી પૂનમે મહા મેળો યોજાયો છે. જેમાં ગુજરાત સરકાર ના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દાદા અને સમગ્ર સરકાર ભાદરવી પૂનમે મા અંબાના ભક્તોને કોઈ પ્રકારની તકલીફ ન પડે તે માટે સાતે દિવસ ૨૪ / ૭ ખડે પગે સેવામાં લાગેલા છે. આ વર્ષે ત્રીજી સપ્ટેમ્બરથી આજ છઠ્ઠી સપ્ટેમ્બર સુધી મેઘરાજાએ અંબાજીમાં અને આજુબાજુના વિસ્તારોમાં મેઘ મહેર કરતા માહોલ અનેરો આનંદિત બન્યો હતો. રાજ્ય સરકારના પ્રવાસન નિગમના સચિવ શ્રી રાજેન્દ્ર કુમાર ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી રમેશ મેરજા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ કમ કલેકટર બનાસકાંઠા શ્રી મિહિર પટેલ બનાસકાંઠા જિલ્લા વિકાસ અધિકારી શ્રી એમ જે દવે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા શ્રી પ્રશાંત સુબે બનાસ કાંઠા જિલ્લાના વહીવટી તંત્ર સાથે અંબાજી મંદિરના વહીવટદાર શ્રી કૌશિક મોદી અંબાજી ગ્રામ પંચાયતના સરપંચ કલ્પનાબેન એચ દવે તમામ લોકો માની સેવામાં માના ભક્તોની સેવામાં તલીન બન્યા છે. અંબાજી ને જોડતા માર્ગો ઉપર પગપાળા યાત્રાળુઓ માટે એક એક થી ચડિયાતા સેવા કેમ્પો માં જલિયાણ સેવા કે મ્પ પી એન માળી ફાઉન્ડેશન સેવા કેમ્પ બનાસ ડેરી સેવા કેમ્પ ટાઈગર ફોર્સ ગુજરાત સેવા કેમ્પ બંસરી કલબ સેવા કેમ્પ બનાસકાંઠા જિલ્લાના વિહોતર સેવા કેમ્પ કલોલ નો કપિલેશ્વર મહાદેવ સેવા કેમ્પ સહિત અનેક સેવાભાવી સંગઠનો લાયન્સ ક્લબ ઓફ પાલનપુર સેવા કેમ્પ સ્થાનિક માર્ગમાં આવતા ગામડાના લોકોનો સેવા કેમ્પ આમ અંબાજી જનારા માઈ ભક્તોને રહેવા જમવા ખાવા પીવા ચા નાસ્તો મેડિકલ નાહવા ગરમ પાણી ચા નાસ્તો લીંબુ શરબત જેવી અનેક સુવિધાઓ નો લાહવો ભક્તો લઈ રહ્યા છે.માં અંબાના સુવર્ણ જડિત મંદિરે માની ધજા ચડાવવા માઈ ભક્તો અધીરા બન્યા છે.અંબાજી ભાદરવી પૂનમ મહામેળો હવે પૂર્ણતાને આરે છે ત્યારે મા અંબાનો ચાચર ચોક માનુ મંદિર અને સમગ્ર અંબાજી યાત્રાધામ રંગબેરંગી રોશની થી સજાવતા અને માના ગબ્બર ઉપર આવેલા મંદિરને અને સમગ્ર માર્ગને સુશોભિત કરાતા માં અંબા ના ભક્તો હર્ષ વીભોર બની માના દર્શન કરી આગામી નવરાત્રીમાં મા અંબા ને આમંત્રણ આપવા માના દર્શન કરી ધન્ય ધન્ય બન્યા છે.




## પાલનપુરમાં ઝુંપડપટ્ટી વિસ્તારમાં ભોજન પ્રસાદ પીરસાયુ



પાલનપુરમાં જીવ દયા ફાઉન્ડેશન ના ઠાકોર દાસ ખત્રીઅને રામચંદ્ર એસ ગોવિંદા નાસહયોગથી પાલનપુરમાં અલગઅલગ વિસ્તારમાં ભોજન પ્રસાદ પીરસાયું, પાલનપુરમાં ઝુંપડપટ્ટી વિસ્તાર મા સુરમંદિર ની સામે ઝુપડપટ્ટીમાં નાના બાળકો તથા કોજી વિસ્તારમાં ફૂટપાથ પર રહેતા લોકોને તથા રેલવે બ્રિજ ના નીચે હરીપુરા હિંગળાજએ પાસે ડીસા હાઈવે ઝુપડપટ્ટીઅને જરૂરિયાત મંદ લોકોને ૩૦૦થી વધારે જરૂરિયાત મંદ લોકોને પુરી અને ચણાની સબ્જી નો ભોજન પ્રસાદ આપવામાં આવ્યો તથા તારીખ ૦૨. ૦૯. ૨૦૨૫ અને૦૪.૦૯. ૦૨૦૨૫. રોજ પાલનપુરમાં અલગ અલગ વિસ્તારમાં . કચોરી અને ચટણીનો નાસ્તો આપવામાં આવ્યો અને ભાખરી અને સબ્જી ભોજન પ્રસાદ પીસાયુ સેવાકાર્યમાં જીવદયા ફાઉન્ડેશન ના જીવદયા પ્રેમી ઠાકોર દાસ ખત્રી. પિન્કીબેન પરીખ. દિનેશભાઈ શર્મા સાહેબ. ભગવાનદાસ ખત્રી. ભાવેશભાઈ પરીખ અશોકભાઈ પઢીયાર. પરાગભાઈસ્વામી. રહી સેવા આપી.

## તંત્રી સ્થાનેથી....

### દિલ્હીમાં વરસાદનો ૧૫ વર્ષનો રેકોર્ડ તોડ્યો, પંજાબ પૂરનો સામનો કરી રહ્યું છે; ઉત્તરાખંડમાં ઓરેન્જ એલર્ટ

ભારતીય હવામાન વિભાગ (ૈંસ્ઙ) ના અહેવાલ મુજબ, ચોમાસુ દેશભરમાં સક્રિય છે, જેના કારણે ખાસ કરીને પહાડી પ્રદેશોમાં વ્યાપક વિનાશ થયો છે. ઘણા વિસ્તારો ભારે વરસાદ, પૂર અને ભૂસ્ખલનની અસર હેઠળ છે, જેમાં અનેક લોકોના મોત થયા છે. દિલ્હી-દ્ગઝ્રઇ માં, ચોમાસાને કારણે છેલ્લા કેટલાક દિવસોમાં અવિરત વરસાદ પડ્યો છે. આજની હવામાન આગાહી મુજબ આકાશ સામાન્ય રીતે વાદળછાયું રહેશે, સવારના સમયે ખૂબ જ હળવો વરસાદ અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે.મહત્તમ તાપમાન ૩૧ઝ્ર થી ૩૩ઝ્ર ની વચ્ચે રહેવાની ધારણા છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨ઝ્ર થી ૨૪ઝ્ર ની વચ્ચે રહેવાની શક્યતા છે.ૈંસ્ઙ ના ડેટા અનુસાર, આ ઓગસ્ટમાં દિલ્હીમાં અત્યાર સુધીમાં ૩૯૯.૮ મીમી વરસાદ નોંધાયો છે, જે છેલ્લા ૧૫ વર્ષમાં સૌથી વધુ વરસાદ છે. આ ૨૦૧૦ પછીના



મહિનાનો સૌથી વધુ વરસાદ છે.રાષ્ટ્રીય રાજધાનીમાં યમુના નદી ભયના નિશાનથી ઉપર વહી રહી છે અને યમુના બજાર વિસ્તારમાં પૂરના પાણી ઘણા ઘરોમાં ઘૂસી ગયા છે.પંજાબ ગંભીર પૂરનો સામનો કરી રહ્યું છે, કારણ કે રાજ્યમાંથી વહેતી લગભગ બધી નદીઓ પૂરની સ્થિતિમાં છે. હિમાચલ પ્રદેશ અને જમ્મુ અને કાશ્મીરમાં ભારે વરસાદને કારણે સતલજ, બિયાસ અને રાવી નદીઓમાં પાણીનું સ્તર અને મોસમી નદીઓ ભરાઈ ગયા બાદ અત્યાર સુધીમાં ૭,૬૦૦ થી વધુ લોકોને સ્થળાંતર કરવામાં આવ્યા છે.રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ (દ્ગડ્ઢઇહ્લ), ભારતીય સેના અને સ્વ-સહાય જૂથો સહિત અનેક એજન્સીઓ બચાવ કામગીરીમાં જોશભેર લાગી રહી છે. પંજાબ પોલીસે પૂરગ્રસ્ત વિસ્તારોમાં રાહત શિબિરો સ્થાપી છે જ્યાં સ્થળાંતર કરાયેલા લોકોને ખોરાક અને દવાઓ પૂરી પાડવામાં આવી રહી છે. રાજકીય પક્ષોના નેતાઓ પરિસ્થિતિનો તાગ મેળવવા માટે પૂરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રહ્યા છે.સૌથી વધુ અસરગ્રસ્ત ગામો પઠાણકોટ,

## ફોર લેનના રિંગ રોડને સિક્સ લેન અને ૫૦ કિમીનો સર્વિસ રોડ પહોળો કરાશે

અમદાવાદની ૭૬ કિમીની ફરતે આવેલા રિંગ રોડને ઔડા દ્વારા ફોર લેનમાંથી સિક્સલેન કરવામાં આવશે, જેના ભાગરૂપે મ્યુનિ.ની હદમાં આવતા ૫૦ કિમીના સર્વિસ રોડને ૧૫ વર્ષ માટે ઔડા હસ્તક લેવાની પ્રક્રિયા શરૂ કરાઈ છે. ઔડા બંને તરફના ૫૦ કિમીના સર્વિસ રોડનો કબજો લઈને તેના મેન્ટેનન્સ અને રિડેવલપમેન્ટની કામગીરી કરશે.રિંગ રોડના રિડેવલપમેન્ટની કામગીરી વખતે સર્વિસ રોડ પર લોકો માટે ડાઈવર્ઝન આપવામાં આવશે, જેને ધ્યાનમાં રાખીને સર્વિસ રોડ પરની આડસો અને દબાણો દૂર કરીને ઔડાને સોંપવામાં આવશે અને ત્યાર બાદ લોકો માટે સર્વિસ રોડ પરથી ડાઈવર્ઝન આપવામાં આવશે. રસ્તાનો કબજો લેવા માટે ઔડા દ્વારા પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. ટૂંક સમયમાં આ અંગે નિર્ણય કરવામાં આવશે.સરવે પ્રમાણે જ્યાં જરૂર પડશે ત્યાં એક લેનના સર્વિસ રોડને બે લેનનો પણ કરવામાં આવશે. ઔડા દ્વારા બે તબક્કામાં કામગીરી શરૂ કરવામાં આવશે. તેમાં અમદાવાદ પૂર્વ અને પશ્ચિમ બંને વાઈડનિંગ કામગીરી કરવામાં આવશે. ભવિષ્યમાં થનારા રોડ પરના ટ્રાફિકની સ્થિતિને ધ્યાનમાં રાખીને ઔડા દ્વારા રોડ વાઈડનિંગની કામગીરીને શરૂ કરવામાં આવી છે.

**પવન એક્સપ્રેસ સાપ્તાહિક**

માલિક, મુદ્રક અને પ્રકાશક પ્રજાપતિ પ્રવિણભાઈ રામચંદભાઈ દ્વારા મુદ્રણ સ્થાન: જય મહાકાલી મલ્ટી કલર ઓફસેટ પ્રીન્ટીંગ પ્રેસ, શીવકુંજ બીલ્ડીંગ, ઈન્ડીયન ગેસ ઓફીસની પાછળ, ઢુંઢીયાવાડી, પાલનપુર, જિ.બનાસકાંઠા ખાતેથી મુદ્રિત અને દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, પાલનપુરથી પ્રકાશિત થનાર "**પવન એક્સપ્રેસ**" સાપ્તાહિક

**તંત્રી: પ્રજાપતિ પ્રવિણભાઇ રામચંદભાઇ**

(સમાચાર પસંદગી માટે પી.આર.બી. એક્ટ હેઠળ જવાબદાર) પવન એક્સપ્રેસ સાપ્તાહિકમાં પ્રસિદ્ધ થતાં તમામ સમાચાર કોઈપણ જાતના પૂર્વગ્રહ કે દ્વેશભાવના વગર જ જનહિતમાં પ્રગટ કરવામાં આવે છે. કોઈને પણ અન્યાય થયો હોય તેવું લાગે તો દિવસ-૭માં લેખિત ધ્યાન દોરવા અનુરોધ છે. જેથી યોગ્ય કાર્યવાહી કરી શકાય. કોઈપણ જાતના વાદવિવાદ, હિસાબ બાબતે જાહેર ખબર તકરાર કે કાનુની ગુંચ માટેનું ન્યાયક્ષેત્ર પાલનપુર રહેશે.

**હેડ ઓફીસ**

દેવપવન સ્ટુડીયો, જુના ટેલીફોન એક્સચેન્જ, એક્સીસ બેન્ક એટીએમ
પાલનપુર, બનાસકાંઠા, ગુજરાત.

*આજે ચૌદશના દિવસે દૂરથી દૂરથી આવેલા અનેક સંઘો માતાજીના નિજધામમાં પહોંચ્યા*

## અલગ અલગ દિવસે અલગ અલગ સાંસ્કૃતિક પહેરવેશ પહેરીને આજે માં અંબેના ધામમાં પહોંચ્યો રાજકોટનો સંઘ

### છેલ્લા ૨૪ વર્ષથી રાજકોટથી માં અંબાના ધામમાં આવતો પગપાળા સંઘ





(માહિતી બ્યુરો, પાલનપુર)

વિશ્વપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળામાં અનેક શ્રદ્ધાળુ માં અંબાના દર્શનાર્થે આવતા હોય છે. અનેક સંઘો પદયાત્રા કરી માં અંબાના દર્શનનો લ્હાવો મેળવતા હોય છે. વરસાદી માહોલ વચ્ચે આજે ચૌદશના દિવસે દૂરથી દૂરથી આવેલા સંઘો આજે માતાજીના નિજધામમાં પહોંચ્યા છે ત્યારે આઈ શ્રી અંબા ખોડીયાર મંદિર, ધારેશ્વર સોસાયટી, રાજકોટથી નીકળેલો સંઘ આજે ચૌદશના દિવસે માં અંબાના ધામમાં પહોંચ્યો છે.રાજકોટથી શ્રી અંબા ખોડિયાર મંદિરથી નીકળેલો આ સંઘ છેલ્લા ૨૪ વર્ષથી સતત દર વર્ષે અંબાજી પધારતો રહ્યો છે. લગભગ ૪૦૦ કિલોમીટરથી વધુનું અંતર ૧૨ દિવસની પદયાત્રા કરીને સંઘ આજે અંબાજી પહોંચ્યો હતો. સંઘના પદયાત્રીઓએ મા અંબાના ચાચર ચોક ખાતે પરંપરાગત ગરબા કર્યા તેમજ તલવારબાજી રજૂ કરી હતી. સંઘના આયોજક હરીશભાઈ પરમારે જણાવ્યું કે, પહેલા આ યાત્રા સામાન્ય રીતે ડ્રેસ કોડ વિના થતી હતી, પરંતુ ગુરુજીના આશીર્વાદ અને મા અંબાના આશીર્વાદ બાદ હવે દર વર્ષે પદયાત્રીઓ ૧૨ દિવસ સુધી રોજ અલગ અલગ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને માતાજીના દર્શનાર્થે આવે છે. આ અનોખી પરંપરા સાથે પદયાત્રા કરતાં ભક્તોને કોઈ થાક અનુભવાતો નથી અને માં અંબાના દર્શન સમયે નવી ઊર્જાનો અનુભવ થાય છે.દીનાબેન બારોટે જણાવ્યું કે, આ સંઘને "અંબા પરિવાર" નામ આપવામાં આવ્યું છે. આ વખતે સપ્ટેમ્બરમાં યાત્રા નીકળીને આજે તા. ૦૬ સપ્ટેમ્બરે અંબાજી ધામ પહોંચ્યો છે. માતાજીના પ્રાગટ્ય દિવસના પાવન અવસરે સંઘે ધજા ચઢાવી આશીર્વાદ પ્રાપ્ત કર્યા. તેમણે વધુમાં જણાવ્યું કે, સંઘમાં કોઈ નાત-જાતનો ભેદભાવ નથી રાખાતો, પરંતુ ૧૨૫ ભક્તોની નિશ્ચિત મર્યાદા સાથે આ યાત્રા કરવામાં આવે છે. દરેક પદયાત્રી ૧૫ દિવસ માટે ૧૫ જોડી ટ્રેડિશનલ ડ્રેસ લઈને આવે છે

જેથી દરરોજ અલગ-અલગ શણગાર સાથે મા અંબાના દર્શનનો આનંદ માણી શકે છે. મા અંબાના આશીર્વાદથી રાજકોટનો આ સંઘ દર વર્ષે વિશિષ્ટ ઉત્સાહ સાથે પદયાત્રા કરીને અંબાજી પહોંચે છે અને ભાદરવી પૂનમ મહોત્સવને શ્રદ્ધા અને ભક્તિભાવથી ઉજવે છે.

*આર. આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી એલ પરીખ કોલેજ ઓફ કોમર્સ,*

## પાલનપુર ના NSS વિભાગ દ્વારા અંબાજી રૂટ પર ' પ્લાસ્ટીક મુક્ત ભાદરવી પૂનમ મેળો ૨૦૨૫ - ૨૬' અન્વયે મહા- સ્વરછતા અભિયાન હાથ ધરવામાં આવ્યું





હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણની એન.એસ. એસ. શાખા અને આર. આર. મહેતા કોલેજ ઑફ સાયન્સ અને સી એલ પરીખ કોલેજ ઑફ કોમર્સ, પાલનપુર ખાતે કાર્યરત એન.એસ.એસ. યુનિટના સંયુક્ત ઉપક્રમે અંબાજી ખાતે આયોજીત ભાદરવી પૂનમના મેળા અન્વયે સરકારશ્રીના મિશન 'સ્વચ્છતા હી સેવા' અભિયાન હેઠળ તા.૦૬/૦૯/૨૦૨૫ ને શનિવારના રોજ કોલેજને ફાળવવામાં આવેલ અંબાજી માર્ગ પર રતનપુર થી દાંતા રૂટ પર મહા સ્વરછતા અભિયાન હાથ ધરવામાં આવ્યું. જેમાં આ વખતે યુનિવર્સિટીના માર્ગદર્શન અને સક્રિય પ્રયાસોથી પ્લાસ્ટિક મુક્ત મેળો બનાવવા સફળતાપૂર્વક અભિયાન ચલાવવામાં આવ્યું હતું. ઉપરાંત પદયાત્રીઓને પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવા માટે જાગૃત કરવામાં આવ્યા હતા. આ સ્વચ્છતા અભિયાનમાં યુનિવર્સિટીના એન.એસ.એસ. પ્રોગ્રામ કો. ઓર્ડીનેટર શ્રી કે. કે. ઠક્કર સાહેબે રૂબરૂ મુલાકાત કરી આ સરાહનીય સેવાકાર્યને બિરદાવ્યું હતું. આ શ્રમદાનકાર્યમાં સેવાકીય કાર્ય કરવાના ઉદ્દેશથી કૉલેજના એન.એસ.એસ.ના ૨૦ જેટલા સ્વયંસેવક ભાઈ-બહેનો દ્વારા હાઈ-વે રસ્તા પર તથા મુખ્ય રસ્તાની બંને બાજુ શ્રદ્ધાળુઓ, પદયાત્રીઓ તથા રાહદારીઓ અને વહેપારીઓ થકી નાખવામાં આવેલ કચરાની સ્વચ્છતા અને સફાઈ કરવામાં આવી હતી. તેમજ વપરાશમાં લેવાયેલી અને સેવા કેમ્પોમાં પડેલી પ્લાસ્ટિકની થેલીઓ, સિંગલ યૂઝ પ્લાસ્ટિક તેમજ પ્લાસ્ટિકની પાણીની ખાલી બોટલનું એકત્રીકરણ કરી યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલી મોટી બેગમાં એકઠું કરવામાં આવ્યું હતું. લગભગ છ જેટલી કાળી બેગ તેમજ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ મોટી થેલીમાં બહોળા પ્રમાણમાં કચરો તેમજ પ્લાસ્ટિક એકત્ર કરવામાં આવ્યું હતું. તેમજ જાહેર માર્ગોની પણ સફાઈ અને સ્વચ્છતા કરવામાં આવી હતી. એકત્ર કરેલ કચરો રૂટ પર ફાળવવામાં આવેલ વાનમાં યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો.

આ સફાઈ અભિયાનમાં વિદ્યાર્થી/સેવકોએ ઉત્સાહપૂર્વક સરાહનીય કામગીરી બજાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન કૉલેજના એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર પ્રો. આર. ડી. વરસાત તથા ડૉ. અમી પટેલ દ્વારા સંસ્થાના આચાર્યશ્રી ડૉ. વાય. બી. ડબગર સાહેબના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

*ધાનેરામાં જૂના અને જર્જરિત મકાનોને લઇ આસપાસના લોકોમા ભાયનો માહોલ*

# ધાનેરાના વ્હોરવાસમાં જર્જરિત મકાનની દીવાલ ધરાશાયી

ધાનેરા નગરપાલિકા પાસે આવેલ વ્હોરવાસ વિસ્તારમાં આવેલા કેટલાક જૂના અને જર્જરિત મકાનોને લઈ આસપાસના લોકો ઉપર જોખમ તોળાઈ રહ્યું છે એક મકાનની દીવાલ ધરાશાયી થઈ હતી બાજુના મકાન માલિકને મોટુ નુકસાન થયું છે પરંતુ સદનસીબે કોઈ જાનહાનિ થઈ નથી ધાનેરાના વ્હોરવાસ વિસ્તારમાં રહેતા બાનુબેન સૈયદના ઘરની બાજુમાં આવેલું વર્ષો જૂનું મકાન અત્યંત જર્જરિત થઈ ગયું હતું બે દિવસ પહેલા વરસાદ દરમિયાન આ મકાનની દીવાલ તૂટી પડતાં બાનુબેનના મકાનને મોટું નુકસાન થયું હતું ઘરમાં નાના બાળકો અને વડીલો હોવાથી આ પરિવાર માટે ઘરમાં રહેવું કે બહાર નીકળવું બંને જોખમી બન્યું છે જોકે બાનુબેને પાલિકામાં જર્જરિત મકાનના માલિકો સામે કાર્યવાહી કરવા અને મકાનને દૂર



કરવા માટે લેખિત રજૂઆત કરી હતી આથી નગર પાલિકાએ જર્જરિત મકાનો ઉતારવા મકાન માલિકોને ફક્ત  આપીને સંતોષ માન્યો હતો નોટિસ આપી હતી તેમ છતાં મકાન માલિકોએ આ બાબતને ગંભીરતાથી લીધી નથી અને છેવટે દિવાલ પડી

# રાજપુરમા શ્રી કાંકરેજી હિંદવાણી પરગણા પ્રજાપતિ સમાજ અને યુવક મંડળની કારોબારીની મિટિંગ મળી



કાંકરેજ તાલુકાના રાજપુર ખાતે શ્રી કાંકરેજી હિંદવાણી પરગણા પ્રજાપતિ સમાજ તેમજ યુવક મંડળની મિટિંગ સંતશ્રી સોહમરામબાપુ સંતશ્રી સોહમ આશ્રમ રાજપુર ખાતે પ્રમુખ અણદાભાઈ પ્રજાપતિ ઉપપ્રમુખ રામશીભાઈ પ્રજાપતિ વીરાભાઈ ઝાલમોર, અરજણભાઈ થરા, કેશાભાઈ કંથેરીયા થરા નગર પાલિકા કારોબારી અધ્યક્ષ રસિકભાઈ,નિવૃત ફૌજી જયંતીભાઈ ફોરણાની ઉપસ્થિતિમા કારોબારી સભ્યોની મિટિંગ મળી હતી.મંત્રી વાલાભાઈ પ્રજાપતિ એ શાબ્દિક શબ્દો દ્વારા મહેમાનોને આવકાર્યા હતા. સહમંત્રી રમેશભાઈ પ્રજાપતિએ ગત વર્ષ ના હિસાબો રજુ કર્યા હતા. આગામી સમયમા વિધાર્થીઓ માટે ઈનામ વિતરણ કાર્યક્રમ કરવ વગેરે બાબતોની ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.અને આગામી ઈનામ વિતરણમા સાથ સહકાર આપવા પ્રમુખ અણદાભાઈ પ્રજાપતિએ જણાવ્યું હતું.

# થરા જુના ગામતળમાં બિરાજમાન શ્રી બહુચર માતાજી ના મંદિરે નવરાત્રી મંડપ મુહૂર્ત કરવામાં આવ્યું


ભારતીય સંસ્કૃતિમાં માનવ મૂલ્યોને ઉજાગર કરતી પ્રણાલી જીવદયા "જીઓ અને જીવવા દો"ની ભાવના સાથે આરોગ્ય- મનોરંજન-કોમી-એકતાના ગુણો અને સંસ્કારોનો સંચાર કરે છે. મૃતાત્માને તર્પણ વિધિના શ્રાદ્ધ પર્વ પૂર્ણ થતાં જ માં શક્તિનું પર્વ નવલા નોરતા નો પ્રારંભ થાય છે.

નવરાત્રિ એટલે શકિત-ભકિત- આરાધનાનુ પર્વ આ પર્વમાં આસો મહિનામાં માના ગુણગાન ગાવા આજરોજ સંવત ૨૦૮૧ના ભાદરવા સુદ-૧૩ ને શુક્રવાર તા.૦૫/૦૯/૨૦૨૫ ના રોજ સવારે થરા સ્ટેટમાજી હેતકારણસિંહ (લાલભા) વાઘેલા ની ઉપસ્થિતિમા શાસ્ત્રી હિતેશભાઈ દવે અધગામ વાળાના મુખારવિંદે શાસ્ત્રોક્ત વિધિ વિધાનથી મંત્રોચ્ચાર સાથે નવરાત્રી



મંડપ બાંધવાનું મુહૂર્ત કરવામાં આવ્યું ત્યારે બળદેવભાઈ જોષી, શ્રી માઈ મંડળના રાજુભાઈ સોની, પૂજારી સોમભારથી ગૌસ્વામી, દિનેશભાઈ સોની,અલ્પેશભાઈ પ્રજાપતિ,રમેશભાઈ દરજી (આર.કે.) હાજર રહ્યા હતા. આસોસુદ-૧ ને સોમવાર તા.૨૨/૦૯/૨૦૨૫ ના રોજ સવારે ૯ થી ૧૦ કલાકે નવરાત્રી ઘટસ્થાપન કરવામાં આવશે.તો કાંકરેજ તાલુકાની ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહેવા થરા સ્ટેટમાજી રાજવી એવમ નગર પાલિકા પૂર્વપ્રમુખ પૃથ્વીરાજસિંહ વાઘેલાએ જણાવ્યું હતું.

# પાટણ સાયન્સ સેન્ટર ખાતે પૂર્ણ ચંદ્રગ્રહણ પર વિશેષ કાર્યક્રમ યોજાશે




ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજકોસ્ટ સ્થાપિત રિજિયોનલ સાયન્સ સેન્ટર, પાટણ હંમેશાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના વિવિધ સિદ્ધાંતોને વિદ્યાર્થીઓ, શિક્ષકો અને જનસામાન્ય સુધી પહોંચાડવા માટે કાર્યરત રહ્યું છે. આ જ શ્રેણીમાં હવે એક અદભુત અવકાશી ઘટના – વર્ષ ૨૦૨૫નું પૂર્ણ ચંદ્રગ્રહણ (બ્લડ મુન) – નિહાળવા ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અનોખી ઘટનાને માત્ર આંખોથી જોવાનો જ નહિ પરંતુ તેના વૈજ્ઞાનિક પાસાઓને સમજૂતીપૂર્વક સમજવાનો અવસર પણ સહભાગીઓને મળશે.આ અવસર પર સહભાગીઓને ખગોળશાસ્ત્ર ની રસપ્રદ જાણકારી આપવા માટે વિવિધ કાર્યક્રમો યોજાશે, જેમ કે પૃથ્વી અને "બ્લડ મુન" વિષે નિષ્ણાત ચર્ચા,  ચંદ્રગ્રહણ પર વૈજ્ઞાનિક ફિલ્મ પ્રદર્શન, ચંદ્રયાન મિશન થીમ આધારિત ચિત્ર સ્પર્ધા, ચંદ્રગ્રહણ વિષયક જ્ઞાન પર આધારિત ક્વિઝ સ્પર્ધા, ટેલિસ્કોપ દ્વારા ચંદ્રગ્રહણનું અવલોકન - લાઈવ આકાશદર્શન વગેરે જેવા કાર્યક્રમો યોજાશે.સાયન્સ સેન્ટર ના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડો સુમિત શાસ્ત્રી તમામ ખગોળશાસ્ત્ર અને વિજ્ઞાન રસિકો ને આ અદભુત અવકાશી ઘટના નિહાળવા તથા બ્રહ્માંડ વિશે નવી માહિતી મેળવવા આવકારે છે.

# ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહીને લઈ જિલ્લામાં રેડ અલર્ટ

રાજ્યમાં તા. ૬ અને ૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમિયાન ભારે વરસાદની આગાહીને ધ્યાને લઈ મુખ્ય સચિવ શ્રી પંકજ જોષીના અધ્યક્ષસ્થાને સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે સમીક્ષા બેઠક યોજાઈ; મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી ડૉ. જયંતી રવિ તેમજ રાહત કમિશનર શ્રી આલોકકુમાર પાંડે ઉપસ્થિત રહ્યાં.મુખ્ય સચિવશ્રીએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી જોડાયેલા વિવિધ જિલ્લા કલેક્ટરશ્રીઓને સંભવિત જોખમ સામે એલર્ટ રહેવા સૂચન કરીને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયેલી આગોતરી તૈયારીઓની સમીક્ષા કરી હતી. સાબરકાંઠા જિલ્લા કલેકટર શ્રી લલિત નારાયણ સિંઘ સાંદુએ જિલ્લામાં કરાયેલ તૈયારીઓ અંગે જાણકારી આપી તેમજ જિલ્લા ને મળેલ એન. ડી આર.એફ ટીમ વિશે વિગત આપી હતી. તેમજ સાવચેતીના ભાગ રૂપે જિલ્લા-તાલુકા વહીવટી તંત્રના અધિકારી- કર્મચારીઓને હેડ ક્વાર્ટર ખાતે ફરજ પર હાજર રાહેવા સૂચના આપવામાં આવી હોવાનું જણાવ્યુ હતું. ગણેશ વિસર્જનમાં નાગરિકોને જળાશયોથી દૂર રાખીને વિસર્જન માટેની વૈકલ્પિક વ્યવસ્થા



સુનિશ્ચિત કરવા તેમજ આવતીકાલે તા. ૭/૯/૨૦૨૫ ના રોજ યોજાનાર ઁજીઝની પરીક્ષાને ધ્યાને રાખીને પરીક્ષા કેન્દ્રો ખાતે ખાસ તકેદારી રાખવા સૂચનાઓ અને માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ. આ વિડિયો કોન્ફરન્સમાં જિલ્લા પોલીસ વડા શ્રી ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ, નિવાસી અધિક કલેકટર સુશ્રી ક્રિષ્ના વાઘેલા, એન.ડી.આર.એફ. ટીમ સહિત ડિઝાસ્ટર કંટ્રોલરૂમ મામલતદાર અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોવિંદા બી.એડ.કોલેજમાં શિક્ષક દિવસની ઉજવણી



શ્રી બનાસકાંઠા કડવા પાટીદાર સંસ્કાર મંડળ સંચાલિત શ્રીમતી આર. કે. ડી. ખણુસિયા એમ. એડ્. કોલેજ અને માતૃશ્રી એસ. એસ. ગોવિંદા બી. એડ્. કોલેજ ના સેમેસ્ટર-૧ ના પ્રશિક્ષણાર્થી ઓ દ્વારા શિક્ષક દિવસ તારીખ ૦૪/૦૯/૨૦૨૩ને ગુરુવારના રોજ યોજાવામાં આવ્યો હતો. આ દિવસે કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણકાર્ય અને સમગ્ર સંચાલન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યા ડૉ. પિનાક્ષી બેન પટેલ, ડો. છાયાબેન ત્રિવેદી, સ્ટાફ અને શિક્ષક દિવસ નિમિત્તે બનેલ આચાર્ય અને અધ્યાપકો દ્વારા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું અને કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

# લાખણી તાલુકાના ચિત્રોડા ખાતે જિલ્લા કક્ષાનો ૭૬મો વન મહોત્સવ ઉજવાયો

## વૃક્ષારોપણ સહિત શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારીઓનું કરાયું સન્માન:લાભાર્થીઓને ચેક વિતરણ કરાયા






(માહિતી બ્યુરો,પાલનપુર)

બનાસકાંઠાના લાખણી તાલુકાના ચિત્રોડા ખાતે જિલ્લા કક્ષાનો ૭૬મો વન મહોત્સવ ઉજવાયો હતો. કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ, પ્રશસ્તિ પત્ર એનાયત તથા લાભાર્થીઓને ચેક વિતરણ કરાયા હતા. સાંસદશ્રી,ધારાસભ્યશ્રીઓ,અધિકારીશ્રીઓ/કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં ઉપસ્થિત નાગરિકોએ વૃક્ષારોપણ કર્યુ હતું. કાર્યક્રમમાં બનાસકાંઠા સાંસદશ્રી ગેનીબેન ઠાકોરે વૃક્ષારોપણનું મહત્વ સમજાવી અને વધુમાં વધુ વૃક્ષો વાવવાની નેમ લેવડાવી હતી. મહાનુભાવોના હસ્તે સામાજિક વનીકરણ વિભાગમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનાર કર્મચારીઓને પ્રશસ્તિપત્ર એનાયત કરવામાં આવ્યા હતા તેમજ વિભાગની યોજનાના લાભાર્થીઓને ચેક વિતરણ કરાયા હતા. વિધાર્થીઓ તથા એન.સી.સી કેડેટ સાથે મળીને મહાનુભાવોએ સ્થાનિક જાતના વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં પર્યાવરણનું જતન, પાણી સંવર્ધન, વૃક્ષ આચ્છાદન વધારવા અંગે વિવિધ આગેવાનો દ્વારા પ્રેરણાત્મક સંબોધન કરવામાં આવ્યું હતું.

આગામી તબક્કે તારીખ ૯ થી ૧૫ સપ્ટેમ્બર સુધી જિલ્લાના ૧૪ તાલુકા તથા ૨૨૫ ગામોમાં તાલુકા અને ગ્રામ્ય કક્ષાનો વન મહોત્સવ ઉજવાશે. જેમાં ૨૯,૫૦૦ રોપાઓનું વાવેતર તથા ૫૯,૦૦૦ રોપાઓનું વિતરણ કરવામાં આવશે.

કાર્યક્રમમાં બનાસકાંઠા સાંસદશ્રી ગેનીબેન ઠાકોર, દિયોદર ધારાસભ્યશ્રી કેશાજી ચૌહાણ, ડીસા ધારાસભ્યશ્રી પ્રવીણભાઈ માળી, સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષકશ્રી પી.જી. ગાર્ડી, નાયબ વન સંરક્ષકશ્રી ચિરાગ અમીન, કચ્છ પશ્ચિમના નાયબ વન સંરક્ષકશ્રી હર્ષ ઠક્કર, પૂર્વ સાંસદશ્રી શ્રી દિનેશભાઈ અનાવડીયા, શ્રી પરબતભાઈ પટેલ સાથે જિલ્લા તથા તાલુકા સ્તરના આગેવાનો, અધિકારીઓ અને બહોળી સંખ્યામાં લોકો સહભાગી બન્યા હતા.

*જય અંબે મિત્ર મંડળ મણિનગરનો ખમણિયો કેમ્પ – ૩૬ વર્ષની નિઃસ્વાર્થ સેવાયાત્રા*

# ખમણના ધોધથી પ્રસિદ્ધ અંબાજીનો ખમણિયો કેમ્પ ભક્તોમાં ઉમટતી ભીડ આકર્ષે છે

## ખેડબ્રહ્માથી અંબાજી માર્ગ પર "ખમણિયો કેમ્પ" ભક્તિ અને આસ્થાનો જીવંત પરિચય આપે છે




(માહિતી બ્યુરો, પાલનપુર)

શક્તિપીઠ અંબાજી ખાતે ચાલી રહેલા ભાદરવી પૂનમ મહામેળામાં લાખો માઈભક્તો માતાજીના દર્શનાર્થે ધામે ઉમટી રહ્યા છે. પદયાત્રા કરતા પદયાત્રિકો ભક્તિ અને આસ્થાથી અંબાજી તરફ આગળ વધી રહ્યા છે. યાત્રાધામ તરફ જતાં માર્ગોમાં સર્વત્ર સેવાભાવી સંસ્થાઓ દ્વારા સેવા કેમ્પો ઉભા કરવામાં આવ્યા છે, જ્યાં ભક્તોને ભોજન, નાસ્તો, ચા, સ્વચ્છ પીવાનું પાણી, આરોગ્ય સેવાઓથી માંડીને આરામ તથા મસાજ જેવી સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે.આ સેવા કેમ્પોમાં ખાસ ઓળખ ધરાવે છે ''ખમણિયો કેમ્પ''. છેલ્લા ૩૬ વર્ષથી અવિરત સેવા આપતો ખમણિયો કેમ્પ યાત્રાળુઓની ભક્તિમાં ઉર્જા ઉમેરે છે. ખેડબ્રહ્માથી અંબાજી જતા માર્ગ પર અમદાવાદના મણિનગરસ્થ જય અંબે મિત્ર મંડળ દ્વારા દર વર્ષે આ કેમ્પનું આયોજન કરવામાં આવે છે. દૂર દૂરથી આવતા સંઘો અહીં રોકાઈ ''ખમણ-કઢી''ના પ્રસાદનો લાભ લઈ આગળ વધી રહ્યા છે. આ કેમ્પનું સંચાલન આશરે ૨૫૦ સેવાભાવી સભ્યો દ્વારા કરવામાં આવે છે, સેવાભાવી લોકો મેળા દરમિયાન ખડેપગે રહી અહીં નિઃસ્વાર્થ સેવા આપે છે. દર વર્ષે માત્ર ૬ દિવસના સમયગાળામાં આશરે ૧૦ ટનથી વધુ ખમણનો પ્રસાદ ભક્તોને વિતરણ થાય છે. સાથે સાથે ચા-કોફી અને પ્રાથમિક સારવાર કેમ્પ પણ તદ્દન નિઃશુલ્ક ચાલી રહ્યા છે, જેનો ભક્તો ઉત્સાહપૂર્વક લાભ લઈ રહ્યા છે.''પાણીના ધોધ તો ઘણા છે, પણ અહીં ખમણનો ધોધ છે'' એવી લોકપ્રિય ઓળખ ધરાવતો આ કેમ્પ ૨૪ કલાક અવિરત સેવા પૂરી પાડી રહ્યો છે. આ સેવા કાર્યમાં મહિલાઓ, યુવાઓ અને વડીલો સૌ સાથે મળી સ્વચ્છતા અને નિષ્ઠાપૂર્વક ભક્તોને ખમણ પીરસે છે.આ સમગ્ર સેવા કાર્યનું સંચાલન મંડળના વડીલ દીપકભાઈ રાવલ, નારણભાઈ, બળવંતભાઈ રાવલ તથા યુવાઓ અને બહેનોના સહકારથી થાય છે. નિઃસ્વાર્થ સેવા અને ભક્તિભાવના આ અનોખા ઉદાહરણ રૂપ ''ખમણિયો કેમ્પ'' અંબાજી મહામેળાનું વિશેષ આકર્ષણ બની રહ્યો છે.

# રૂ. ૨૧.૮૦ લાખની કિંમતની ૨૦૦ ગ્રામ વજનની સોનાની ૨ લગડી માઁ અંબાને અર્પણ કરાઈ

(માહિતી બ્યુરો, પાલનપુર)

ભાદરવી પૂનમ મહા મેળાનો આજે છઠ્ઠો દિવસ છે. આજરોજ શાંતાબેન મૂળચંદજી ચેરીટેબલ ટ્રસ્ટ હસ્તે મિતલભાઈ રહેવાસી અમદાવાદના તરફથી શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટને સોનાની ૧૦૦ ગ્રામની લગડી નંગ ૨ ફુલ મળી ૨૦૦ ગ્રામની લગડી માઁ અંબાને અર્પણ કરવામાં આવી હતી જેની કિંમત ૨૧ લાખ ૮૦ હજાર રૂપિયા થાય છે.




# વડગામ વિ.જે.પટેલ હાઈસ્કૂલ ખાતે સ્વયં શિક્ષક દિન ની ઉજવણી




?વડગામ વિ.જે.પટેલ હાઈસ્કૂલ ખાતે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની જન્મજયંતી નિમિત્તે સ્વયં શિક્ષકદિન ની ઉજવણી કરવામાં આવી હતી.વિધાર્થીઓ દ્વારા આચાર્ય , સુપરવાઈઝર , શિક્ષક તરીકે એક દિવસ શિક્ષણ કાર્ય ની જવાબદારી નિભાવી હતી. સમાપન કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ શિક્ષકદિનના મહત્વ વિશે પોતાના વિચારો રજૂ કર્યા હતા.? આચાર્ય રાકેશભાઈ પ્રજાપતિ, જી.બી. પરમાર સહિત શિક્ષકો દ્વારા ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનના જીવન પ્રસંગો અને તેમના શિક્ષણ ક્ષેત્રે યોગદાન વિશે પ્રાસંગિક વિચારો વ્યક્ત કર્યા હતા. એચ. એલ. પઢિયારે આભાર વ્યક્ત કર્યો હતો.

# *દિયોદર મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે મિલાદુન નબી નું જુલ્સ નીકળ્યું*



દિયોદર,હજુરે પાક સલાલા હું અલેહી વસલમ રસુલે પાક ના પંદર સો માં જન્મદિવસ ની ઉજવણી દેશભરમાં કરવા માં આવી રહી છે તે નિમિત્તે આજે દિયોદર મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે મિલાદુંન નબી ની જન્મદિવસ ની ભવ્ય ઉજવણી ડી જે સાથે જુલૂસ નીકળી કરવા માં આવિ હતી આજુલસ માં મુસ્લિમ બિરાદરો મોટી સંખ્યા માં જોડાયા હતા ત્યરબદ દિયોદર શહેરમાં પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે જુલૂસ નીકળ્યો હતો તે દાઈ હેલીમાં મસ્જિદ થી નીકળી દરબારગઢ મેન બજાર જુના બસ સ્ટેન્ડ

OWNER, PUBLISHER, PRINTER, EDITOR : PRAJAPATI PRAVINBHAI RAMCHANDBHAI PRINTING PRESS : JAY MAHAKALI MULTI COLOUR OFFSET PRINTING PRESS, SHIVKUNJ BUILDING, B/H : INDIAN GAS OFFICE, DHUNDHIYAVADI, PALANPUR-385001 GUJARAT. PUBLISHED FROM: AT-DEV PAVAN STUDIO, OLD TELEPHONE EXG. NR. MATAJI ABAV AXIS BANK ATM PALANPUR, DIST-BANASKANTHA, GUJARAT-385001
Year : 05 ISSUE : 25